કર્તા : રેવ. જી. વિલ્સન, બી. એ.

કિંમત ૩ પાઈ

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कार्यालय विभाग]

अनुक्रमांक ૨૨૬૩૧ विभाग

ग्रंथनाम ભારી આફ્રી

वर्गांक પ૬:૫૨

અધ્યાય ૧લો

બોધરૂપ વચન :—"તમે મારા સાક્ષી થશો."

[વાચકોને રેફરેન્સો પર ખાસ ધ્યાન આપવાની વિનંતી છે]

૧–૫. **પ્રસ્તાવના.** આ પુસ્તકનો લેખક સુવાર્તિક લુક છે. તેણે પોતાની લખેલી સુવાર્તામાં પ્રભુ ઈસુએ આદરેલા કામ તથા શિક્ષણનું જે વર્ણન કર્યું હતું (૨), તે પ્રભુના સેવકોની મારફતે પવિત્ર આત્માએ જે જે મહાન કાર્યો કરાવ્યાં (યોહાન ૧૪ ; ૧૧), તે લખી જણાવીને લુક પૂરું કરવા માગે છે. ત્રીજી સુવાર્તાને જો "દેવપુત્ર ખ્રિસ્તની સુવાર્તા" તે નામ બંધબેસતું છે તો "દેવ પવિત્રાત્માની સુવાર્તા" એવું આ પુસ્તકનું નામ પડે, તો તે પણ યોગ્ય કહેવાય.

૬–૧૧. **પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ.** (૧) શિષ્યોએ કરેલી ગેરસમજણ (૬). "દેવના રાજ્ય વિષેની વાતો" (૩) ઇસ્રાએલના રાજ્યને સૂચવે છે, એમ તેઓ સમજી ગયા હતા. દેવનું રાજ્ય સર્વજનિક છે (માથ્થી ૮ ; ૧૧), તે વાત સમજવી તથા માની લેવી અને માનીને તે પ્રમાણે વર્તવું તે કેટલું બધું અઘરું છે, તે આગળ જતાં જોવામાં આવશે. હું ઘણા વખતનો ખ્રિસ્તી છું, તોપણ મારામાં પૂર્ણ સમભાવ દેખાઇ આવે છે કે ? વળી ઈસુ પોતાના શિષ્યોને ઉત્તર આપતાં આપણ સહુને ભવિષ્ય ભાખવાની મના કરે છે (૭).

(૨) શિષ્યોને આપેલું વચન (૮). સામર્થ્ય—ખ્રિસ્તમય જીવન ગાળવાનું સામર્થ્ય—એજ મારી સહુથી મોટી જરૂરિયાત છે. પવિત્રાત્માનું દાન મને આપીને મારો પ્રભુ આ મારી ભારે ગરજ પૂરી પાડવાનું કહે છે. હવે પછી પ્રેરિતની માફક મારાથી પણ કહેવાય, કે "જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું" (ફિલપી. ૪ ; ૧૩). તો સુવાર્તાપ્રચાર કરવાનું બળ મને બીજે ક્યાંથી મળે ?

(૩) શિષ્યોને આપેલી આજ્ઞા (૮). "તમે મારા સાક્ષી થશો." આ વચન આજ્ઞારૂપ છે, પણ ખરું કહેતાં તે આપણને ફરમાવેલી આજ્ઞા તો નહિ, પણ આપણને આપેલો હક છે. "**મારા** સાક્ષી"! દેવપુત્ર ખ્રિસ્તની તરફેણમાં મારે શાહેદી આપવી ! કેવી આશ્ચર્યકારક વાત! નિયમશાસ્ત્ર દેવદૂતોની મારફતે જાહેર કરવામાં આવ્યું (૭ ; ૫૩ : ગલ. ૩ ; ૧૯), પણ તારણદા[illegible]ર્તા તારણ પામેલા માનવોની મારફતે પ્રગટ કરવામાં આવે, એવી ઈશ્વરેચ્છા છે. આપણા પ્રભુએ આપણ તેના સેવકોને કેટલું બધું માન આપેલું છે !

(અ) તો પણ આપણે તેના સાક્ષી થઈ શકીએ, તે પહેલાં આપણે સામર્થ્યથી વેષ્ટિત થવું. "તેની વાટ જોતા રહેજો" (ક. ૪. લુક ૨૪ ; ૪૯ : યશ. ૪૦ ; ૩૧). વાટ જોતાં જોતાં બળ પામવું તે શું છે તેનો ખુલાસો આ પછીના ફકરામાં આપવામાં આવશે.

(આ) શાની શાહેદી આપણે આપવી ? પ્રભુ ઈસુના પુનરુત્થાનની (૨૨ : ૨ ; ૩૨ : ૩ ; ૧૫ : ૪ ; ૩૩ : ૫ ; ૩૨, વગેરે). મારો તારનાર તથા પ્રભુ જીવતો છે, એ મારે મ.શા

[illegible] જોઈએ.

[illegible] યોહાન ૧; ૩.

[illegible] ત્યાં આગળ શાહેદી આપવી? યરૂશાલેમથી માંડીને [illegible] ના સહુદા દૂર [illegible] શાલેમથી માંડીને," એટલે પહેલવહેલાં મારે પોતાને ઘેર તથા મારાં પોતાનાં સમા[illegible]ળ (માર્ક ૫; ૧૯). યરૂશાલેમ જે ચુસ્ત યહૂદીઓની દૃષ્ટિમાં કાશી, ડાકોર કે દ્વારકા જેવું પવિત્ર સ્થળ છે, ત્યાં જ. જ્યાં પ્રભુ ઈસુને મારી નાખવામાં આવ્યો હતો, ત્યાં જ પણ.

(૪) પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ. વાદળોદ્વારા તે સ્વર્ગે ગયો. "વાદળાંને તે પોતાનો રથ બનાવે છે" (ગીત. ૧૦૪; ૩). શિષ્યોને મૂકીને પ્રભુ ઇસુ અંતર્ધાન થઇ ગયો, તો પણ તેઓ કંઈજ ગભરાયા નહિ. છેલ્લા ચાળીસ દિવસોમાં તેઓને તેના સદાના સાન્નિધ્યની ખાતરી થઇ હતી (૩). "હું સદાકાળ તમારી સાથે છું," એવું તેનું છેલ્લામાં છેલ્લું વચન તેઓ તદન અવિચળ માનતા હતા. હવે તેમનાં હૃદયમાં તેના આગમનની આશાનો ઉદય થયો (૧૧).

૧૨–૧૪. વાટ જોનારી મંડળી. શિષ્યોની સાથે ઈસુની માતા તથા તેના ભાઇઓ પણ હાજર હતાં (૧૪). જુઓ માર્ક ૩; ૨૧: યોહાન ૭; ૫. "તેઓ એક ચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતા હતા." અપેક્ષા રાખનારી મંડળી તો એકચિત્તે આગ્રહપૂર્વક પ્રાર્થના કરનારી મંડળી (ગીત. ૩૪; ૬), અને પ્રાર્થના કરનારી મંડળી તો તૃપ્ત થવાની મંડળી પણ છે (માત્થી ૧૮; ૧૯). તે કારણને લીધે આઈ. પી. મંડળીની વડીલસભાએ તે મંડળીને શતાબ્દિનો આનંદોત્સવ પ્રાર્થના કરવામાં ઊજવવાનું સૂચવ્યું છે. પ્રાર્થના કરવાનું ફળ ધર્મજાગૃતિ છે.

નવા કરારમાં મરિયમનું આ છેલ્લું દૃશ્ય છે—પ્રાર્થનામાં લાગુ રહેનારી મરિયમ!

૧૫–૨૬. શિષ્યમંડળ. પ્રાર્થના કર્યા બાદ ચિઠ્ઠીઓ નાખીને યહૂદાની ખાલી પડેલી જગા પૂરવામાં આવી. હજુ સુધી મંડળીનો દોરનાર થવા સારૂ પવિત્ર આત્મા તેના પર રેડી દેવામાં આવ્યો નહોતો. જુઓ ૬; ૩, ૫.

પ્રભુ ઈસુનું મરણ	ઈ. સ. ૨૯
પચાસમાનો દિવસ	,, ,, ,,
પાઊલનું પરિવર્તન	,, ,, ૩૩
કરનેલ્યસનું મંડળીમાં દાખલ થવું	,, ,, ૪૪
દુકાળ	,, ,, ૪૫

અધ્યાય ૨જો

બોધરૂપ વચન:—"આ જે તમે જુઓ છો તથા સાંભળો છો, તે તેણે રેડ્યું છે." ક. ૩૩.

૧–૪. મંડળી પર રેડાએલો પવિત્ર આત્મા. દેવપુત્ર પ્રભુ ઈસુને તેઓ "ઈમાનુએલ" (દેવ આપણી સાથે) કહેતા હતા (મા. ૧; ૨૩). તે હવે સ્વર્ગે ગએલો, પણ આપણો "ઈમાનુએલ" થવા સારૂ તેણે પોતાના વચન પ્રમાણે (યોહાન ૧૬; ૭) દેવ

લુક ૩ ; ૧૬.

૬. ૫... ૮-૧૯માં અન્ય ભાષાઓ બોલવાની જે વા... પણ
ત જુદી છે. આ તો પરભાષા બોલવાની વાત છે, અને તેમાં કદાચ ઇસુ ...
ાય, કે તારણદાયી સુવાર્તા સાર્વજનિક છે. "ફૂટી ફૂટી પડતી ... ...
ામસ્ત મંડળીને આપેલું છે, કેવળ એમ નહિ પણ મંડળીના દેવની ... હરેક માનનારને
એ દાન આપવામાં આવે છે, એવું સૂચવેલું છે.

૫–૧૩. **ભેગો થએલો સમુદાય.** બધા તો યહૂદીઓ હતા ખરા, પણ "આકાશ તળેના દરેક દેશમાંથી" તેઓ આવેલા હતા. શું આ વાત પણ દૃષ્ટાંતરૂપ નથી? "તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો"—પ્રભુની છેલ્લી આજ્ઞા (માત્થી ૨૮ ; ૧૯).

૧૪–૩૬. **પીતરે કરેલું ભાષણ.** પીતરની હિંમતનો વિચાર કરો. એક ચાકરડીના શબ્દોથી જે માણસ હિંમત હારી ગયો, તે કેટલો બધો સાહસિક બની ગએલો દેખાય છે! "પુનરૂત્પત્તિ!" "જો કોઇ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે" (૨ કર. ૫ ; ૧૭).

સાંભળનારા તો યહૂદીઓ હતા, માટે યહૂદીઓના પવિત્ર શાસ્ત્રને આધારે પીતરે નીચેની ત્રણ વાત સાબિત કરી :—

(અ) ૧૪–૨૨. **મસીહ આવેલો જ છે,** કેમકે મસીહ આવશે, ત્યારે ઇશ્વરનો આત્મા સર્વ દેહધારીઓ પર રેડી દેવામાં આવશે. યોએલ ૨ ; ૨૮, ૨૯. આ પ્રસંગે તેઓના દેખતાં તથા સાંભળતાં જે જે બન્યું, તેનાથી આ ભવિષ્યવચન સંપૂર્ણ થએલું જણાયું.

(આ) ૨૩–૩૩. **મસીહનું પુનરુત્થાન થએલું છે,** કેમકે (૧) ઇશ્વર તેને મરણને કબજે રહેવા દેશે નહિ, એવી આગાહી ગીત. ૧૬ ; ૮–૧૧માં કરેલી છે; (૨) વળી પીતરે તથા બીજા શિષ્યોએ સજીવ થએલા ખ્રિસ્તને પ્રત્યક્ષ દીઠો હતો (૩૨); અને (૩) જે જે બન્યું હતું, તે સર્વ ઇશ્વરને જમણે હાથે બિરાજમાન પ્રભુ ઇસુના પ્રતાપથી બન્યું (૩૩).

(ઇ) ૩૪–૩૬. **વધસ્તંભે જડાએલો ઇસુ સર્વોપરી ખ્રિસ્ત થએલો છે.** એમ બનશે, એ ગીત. ૧૧૦ ; ૧માં અગાઉથી જણાવવામાં આવ્યું હતું.

"તમે જે જુઓ છો તથા સાંભળો છો, તે તેણે જ રેડયું છે." મારા જીવનનું મૂળ ઝરણ જીવતા ખ્રિસ્તમાં રહેલું છે (કોલોસી. ૩ ; ૩). જો મારા આચારવિચારમાં કંઇ શોભતું દેખાય, તો તે મારૂં પોતાનું નથી—તે તેનું જ તથા તેનાથી જ છે. "હું જે છું તે દેવની કૃપાથી છું" (૧ કર. ૧૫ ; ૧૦). ઘણાઓની ખંડણીને સારૂ માણસનો દીકરો પોતાનો જીવ આપવા આવ્યો (માર્ક ૧૦ ; ૪૪). હવે પોતાના રક્ત વડે ખંડણીનું મૂલ્ય ભર્યા પછી તે ઘણાઓને જીવન આપવા સ્વર્ગે ગએલો છે (૧ યોહાન ૫ ; ૧૨). તારામંડળનું પારભ્રમણ નિહાળતાં તેઓનો એક ધરાવનાર છે, તે જેવી રીતે હું સમજું છું (યશા. ૪૦ ; ૨૬), તેવીજ રીતે કોઇનું નમ્ર, માયાળુ શુદ્ધાચરણ જોઇને "જીવતા પ્રભુએ આ રેડયું છે," તે પણ હું જાણું છું. મારામાં ઇશ્વરને ગમતું જે કંઇ ફળ દેખાય છે, તે તેણે આપેલા આત્માએ ઉપજાવેલું છે (ગલ. ૫ ; ૨૨, ૨૩). ભાઇઓ, આપણે આપણી નિર્બળતાને શું કરવા વળગી રહીએ! આપણે તે પણ પ્રભુને અર્પી દઇએ, એ માટે કે તેનામાં

...વિશેષ સબંધ નહોતો, તા...

...ફરીને તેઓમાંના ત્રણેક હજાર બાપ્તિસ્માદ્વાર...

...દરેક કરનાર પ્રભુ ઈસુને ફરીથી વધસ્તંભે જડાવનાર થાય છે, તે આપણે સમજ... ૬ ; ૬).

૪૨–૪૭. ખ્રિસ્તી મંડળનું ધાર્મિક જીવન. તેનું દૃશ્ય ઘણું આનંદકારક છે. તેનાં મુખ્ય ચાર ચિહ્ન હતાં : (૧) પ્રેરિતોને ચરણે બેસીને તેઓ પ્રભુ ઈસુ વિષેનું વધુ શિક્ષણ પામતાં હતાં (૫ ; ૧૨). (૨) તેઓ એકબીજાની સંગતમાં રહેતા હતાં, અને એકબીજા પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિ દર્શાવતાં હતાં. (૩) તેઓ "રોટલી ભાંગવામાં લાગુ રહ્યાં" (૪૨), એટલે તેઓ પોતપોતાને ઘેર રોટલી ભાંગીને ઉમંગથી ભોજન કરતાં હતાં (૪૬). સાથે બેસીને જમવું તે મિત્રાચારીનું એક બધે પ્રચલિત ચિહ્ન છે. પણ ખ્રિસ્તીઓને સારૂ "રોટલી ભાગવામાં" બીજો ગૂઢ અર્થ રહેલો છે. પોતાની છેલ્લી રાતે પ્રભુ ઇસુએ રોટલી ભાંગીને કહ્યું હતું, કે "આ મારૂં શરીર છે, તે તમારે સારૂ આપવામાં આવે છે ; મારી યાદગીરીમાં આ કરો" (લુક ૨૨ ; ૧૯). ૪. મંદિરમાં (અથવા મંદિરે ન જવાય, તો ઘેર) રોજ જુદી જુદી વખતે પ્રાર્થના કરવાનો જે નિયમ હતો, તે તેઓ ચુસ્ત રીતે પાળતાં હતાં (૩ ; ૧ : ૧૦ ; ૩, ૯, ૩૦ : દાની. ૬ ; ૧૦). આ દૃશ્યમાં શુ વિશેષ દેખાય છે તે જો જાણવા માગીએ, તો ખ્રિસ્તમાં પોતાના લોકનો ઊભરાતો આનંદ તથા એકબીજા પ્રત્યે તેમનો નિ:સ્વાર્થ પ્રેમભાવ, તે છે. જો ખ્રિસ્તના સેવકોના દરેક મંડળમા આ બે ગુણ દીપી આવે, તો ખ્રિસ્ત ભણી આકર્ષાયા વગર જગત રહે જ નહિ.

અધ્યાય ૩જો

બોધરૂપ વચન :—"પણ મારી પાસે જે છે, તે હું તને આપું છું." ક. ૬.

૧–૧૦. ઈસુ ખ્રિસ્તના નામના પરાક્રમથી કરાએલો પ્રથમ ચમત્કાર. આ વાર્તા ઘણી અર્થસૂચક છે. પરંતુ તે એટલી બધી સ્પષ્ટ છે, કે તેનો કંઇ પણ ખુલાસો કરવાની જરૂર નથી. ગામનાં મંદિરોની આગળ હારબંધ બેઠેલા ભિખારીઓની વાત આપણે સહુ સારીપેઠે જાણીએ છીએ. યરૂશાલેમમાં પણ તે વર્ગની એજ પ્રથા હતી (યોહાન ૯ ; ૮). વળી ભીખ માગનારા શાની અભિલાષા રાખતા હોય, તે પણ આપણે જાણીએ છીએ (લુક ૧૬ ; ૨૧). આ માણસ જન્મથી અપંગ હતો, તે ચાળીસ વર્ષની ઉંમરનો હતો (૪ ; ૨૨). પીતર તથા યોહાનનો પહેરવેશ સાધારણ જેવો હોય, પણ તેઓના આનંદમય ચહેરા જોઇને (૨ ; ૪૬). તેઓ મારા પર દયા રાખશે, એવી આશાએ તેણે તેઓની પાસે ભીખ માગી. પણ પૈસા મળવાની આશા ઉપરાંત તેણે જુદા પ્રકારની અપેક્ષા રાખી નહિ હોય શું ? શું થોડા દિવસ ઉપર ઈસુ નામનો એક દેવભક્ત મંદિરે આવ્યો નહોતો ? શું તે વખતનાં સર્વ લૂલાંલંગડાએ તેની આસપાસ વીંટળાઇને તેના દયાળુ હાથનો આશીર્વાદ માગ્યો નહોતો ? (માત્થી ૨૨ ; ૧૪). તે પ્રસંગે આ અપંગ ભિખારી જરૂર હાજર હતો, અને હવે તે સર્વનો ખ્યાલ તેને આવ્યો હશે. વાત તો ખરી, પછી બીજા બે ગુનેગારોની સાથે તે દેવભક્તને દેહાતદંડની સજા કરવામાં આવી હતી. આ બે જણ તેના ચેલા હતા, પણ એમાં શું ? તે એવા એવા વિચારો કરતો હતો,

૧૦. પ પાસે જે છે તે હું તને આપું છું."

(અ) પીતરની પેઠે આપણ ખ્રિસ્તીઓ પાસે પણ સોનુંરૂપું ... જે હતું તેજ આપણી પાસે છે, એટલે ખ્રિસ્ત તથા તેના નામમાં રહેલું, ... પ્રભુ ઇસુની મારફતે ઈશ્વરની સાથે મારૂં સમાધાન થએલું છે (રૂમી. ૫ ; ૧), અને હું મારા સ્વર્ગીય પિતાની સંગતમાં રહીને મારૂં જીવન ગાળું છું. જેટલા પ્રમાણમાં હું તેની સંગતમાં રહું છું, તેટલાજ પ્રમાણમાં દેવનું પરાક્રમ મારામાં રહે છે (લુક ૫ ; ૧૭). ખ્રિસ્તીઓનું દ્રવ્ય માલમિલકતમાં રહેલું નથી (લુક ૧૨ ; ૧૫). આપણું દ્રવ્ય આત્મિક છે, તે સ્વર્ગમાં છે (માત્થી ૬ ; ૨૦). "ખ્રિસ્તની અખૂટ સંપત્તિ" મારી જ છે (એફ. ૩ : ૮).

(આ) ભૂખે મરતા જગતને જે જોઇએ, તેજ આપણી પાસે છે. ખ્રિસ્ત જીવનની રોટલી છે. અંધારામાં બેઠેલા જગતને (માત્થી ૪ ; ૧૬) જેની જરૂર છે, તે પણ આપણી પાસે છે. ખ્રિસ્ત જગતનું અજવાળું છે. દુષ્ટની સત્તામાં આવી પડેલા આખા જગતને (૧ યોહાન ૫ ; ૧૯) જેવો ઉદ્ધારનાર જોઇએ તેવો આપણી પાસે છે. ખ્રિસ્ત આવ્યો—ખોવાએલાઓને તારવા. ધર્માંધ જગતને ઈશ્વરનું દર્શન દેનાર પ્રભુ ઈસુ સિવાય બીજો કોઇ નથી. જગત કંગાળ, બેહાલ, દરિદ્રી, આંધળું તથા નગ્ન છે, પણ તે તે જાણતું નથી (પ્રક. ૩ ; ૧૭). આપણે ધનવાન છીએ (૨ કર. ૮ ; ૯). પણ આપણું દ્રવ્ય કેવું તથા કેટલું છે. તેનો આપણને ખરો ખ્યાલ છે કે? ઊઠો, ભાઇઓ! જૂના સમયના ચાર રક્તપિત્તીઆ કરતાં આપણે આપમતલબી ન હોઇએ (૨ રાજા ૭ ; ૯). ઊઠો, અને મળેલા સુસમાચાર આપણે ચારે તરફ જાહેર કરીએ!

(ઇ) દેવનું તારણ પમાડવાનું પરાક્રમ આપણી પાસે છે (રૂમી. ૧ ; ૧૬). જન્મથી જે અપંગ, તે ખ્રિસ્તના નામ પરના વિશ્વાસથી ચાલતો થયો, એટલું જ નહિ પણ તેજ વિશ્વાસદ્વારા તે દેવની સંગતમાં આવ્યો. તે નવો જન્મ પામ્યો. તેજ મનોહર નામના પરાક્રમથી મારૂં બદલાણ પણ થયું જુઓ ૧ કર. ૬ ; ૯–૧૧.

૧૧–૨૬. **પીતરે કરેલું બીજું ભાષણ.** મંદિરની સુલેમાન નામની પરસાળમાં લોક ભેગા થયા. થોડા વખત ઉપર જ્યાં આગળ લોક ઉશ્કેરાઇને પ્રભુ ઈસુને પથ્થરે મારવા ઊઠ્યા હતા (યોહાન ૧૦ ; ૨૩, ૩૧, ૩૯), ત્યાં ને ત્યાં જ મહિમાવાન કરાએલા એજ પ્રભુ ઈસુની સુવાર્તા સાંભળવા તેઓ બેઠેલા દેખાય છે. ઈસુના મરણથી તથા તેના પુનરુત્થાનથી કેટલો બધો તફાવત થએલો જણાય છે!

ભાષણના બે ભાગ પાડી શકાય, એમ છે :—

(૧) લંગડો ભિખારી શાથી ચાલતો થયો, તે પીતરે પહેલવહેલાં જાહેર કર્યું (૧૨–૧૬). જીવ લેનાર બારાબાસને પસંદ કરીને તેઓએ જીવન આપનાર ઈસુને મારી નંખાવ્યો હતો. પણ તેને ઈશ્વરે મુએલાંમાંથી ઉઠાડીને મહિમાવાન કર્યો, અને તેના નામના પરાક્રમથી લંગડો ભિખારી ચાલતો થયો હતો. આજકાલનાં આધ્યાત્મિક દુઃખ મટાડવા તે નામ એવું ને એવું જ પરાક્રમી છે.

...ના હજૂરમાંથી ઉ...

...તાજગીના સમયો"ને સારૂ તલપી રહ્યા...

...આપણે આપણા અપરાધોનો હૃદયપૂર્વક પસ્તાવો ક... નથી, તે વાર શું?

(આ) જૂના કરારનાં સર્વ વચન આશાજનક છે. "ઘેટાંની પેઠે આપણે સર્વ ભટકી ગયા છીએ...અને ઇશ્વરે તેના [એટલે પ્રભુ ઇસુ] પર આપણ સર્વનાં પાપનો ભાર મૂક્યો છે," એજ જૂના કરારમાં સમાએલા બોધ તથા વિધિઓનો સાર છે (યશા. ૫૩ ; ૬).

અધ્યાય ૪થો

બોધરૂપ વચન:—"કેમકે અમે જે જે જોયું તથા સાંભળ્યું, તે કહ્યા વિના અમારાથી રહેવાય એમ નથી." ક. ૨૦.

૧–૪. **પ્રેરિતોની પ્રથમ કેદ.** પ્રેરિતોને કેદ કરવામાં આવ્યા, પણ ઇશ્વરનું વચન કેદ કરી ન શકાય (૨ તીમોથી ૨ ; ૯). તે વચન સાંભળીને ઘણાઓએ વિશ્વાસ કર્યો (૪). ઉશ્કેરનારા તો સાદૂકીઓ હતા. તેમનાથી પુનરુત્થાનની વાત સહન કરાય નહિ (માર્ક ૧૨ ; ૧૮ : પ્રે. ૨૩ ; ૮).

૫-૧૨. **ન્યાયસભાની આગળ.** કેવું દૃશ્ય! તેને તેજ સ્થળે, તેને તેજ સભાની આગળ પ્રભુ ઇસુને થોડા વખત ઉપર ઊભો રાખવામાં આવ્યો હતો (યોહાન ૧૮ ; ૧૩, ૧૪ : માર્ક ૧૪ ; ૫૩). તેની તેજ તપાસ પણ કરવામાં આવી હતી (માર્ક ૧૧ ; ૨૭–૨૯). તેના તેજ બે શિષ્ય હાજર હતા (યોહાન ૧૮ ; ૧૫. "બીજો એક શિષ્ય"=યોહાન). દૃશ્ય એકનુંએક, તોપણ કેટલો બધો તફાવત! પોતાના પ્રભુનો ઇનકાર કરનાર પીતર હવે પોતાના પ્રભુનો સાહસિક શાહેદ બની ગએલો જણાય છે! ચાકરડીથી બીનાર તો હવે બેઠેલા ન્યાયાધીશો પર નિડરપણે આક્ષેપ મૂકનાર! જરૂર ઇસુ દેખાતો નથી. તેજ ન્યાયસભાના ચૂકાદાથી તેને વધસ્તંભે જડાવવામાં આવ્યો હતો. તોપણ તે પોતાના આત્માની મારફતે હાજર છે જ. તેના જ પરાક્રમથી બિચારો ભિખારી સાજો થયો હતો. તેની પ્રેરણાથી પીતર પોતાના પ્રભુના બોલેલા શબ્દો ફરી ઉચ્ચારે છે (માર્ક ૧૨ ; ૧૦), અને આખરે પોતાના પ્રભુના જેવું માયાળુ મન રાખીને પીતર પોતાના બચાવનું ટૂંકું ભાષણ સમાપ્ત કરીને પોતાના ન્યાયાધીશોને પ્રભુ ઇસુ પર વિશ્વાસ રાખવાની વિનંતી કરે છે (૧૨). "જેનાથી આપણ સર્વનું—અમે તેમજ આપ અમારા ન્યાયાધીશો—આપણ સર્વનું તારણ થાય, એવો બીજો કોઇ નથી." ઇશ્વરપિતા પાસે જવાનો બીજો કોઇ પણ માર્ગ નથી (યોહાન ૧૪ ; ૬).

૧૩–૨૨. **ન્યાયાધીશોને પ્રેરિતોએ આપેલો જવાબ.** (અ) જુઓ—ન્યાયાધીશોનો ગભરાટ! આ બે અભણ (જાણે કે વેદ ન જાણનાર) તથા અજ્ઞાન (જાણે કે યાજકવર્ગના નહિ) માણસોની આટલી બધી હિંમત કયાંથી! (આ) જુઓ—તેમની કબૂલાત! "તેઓ ઇસુના સાથે હતા!" ખરા શિષ્યપણાનું ચિહ્ન! ઇસુ તો ગયો, પણ જુઓ! તેનો આત્મા તો છે! (ઇ) પછી તેમણે કરેલો ફેંસલો! બેશક એક મોટો ચમત્કાર કરવામાં આવ્યો હતો, તે ઇસુના નામથી થયો હતો. પણ તેમાં ગુના જેવું કંઇ જણાયું

[illegible] [illegible] વાત, તેથી "અમે જે જે જાણું [illegible] [illegible]વના અમા[illegible] ના રહેવાય એમ નથી," તેની વિરુદ્ધ તેઓ શું કહી શ[illegible] [illegible] આપીને તેઓએ પીતર તથા યોહાનને છોડી દીધા.

"કહ્યા વિના અમારાથી રહેવાય નહિ એમ નથી." આ તો હુકમની વાત નથી. "હૃદયના ભરપૂરપણામાંથી મોં બોલે છે" (માત્થી ૧૨ ; ૩૪). મનમાં જો ઇસુ પરના પ્રેમનો ઊભરો આવે, તો આપણાથી છાના રહેવાય નહિ. બારતીમાય અને જાખી (લુક ૧૮ ; ૪૩ : ૧૯ ; ૮), સૂબેદાર (લુક ૨૩ ; ૪૭), પ્રથમ શિષ્યો (યોહાન ૧ ; ૪૧, ૪૬), સમરૂની બાઇ (યોહાન ૪ ; ૩૯)—અને વિશેષે કરીને પાઊલ, જેણે એવો પોકાર કર્યો, કે "હું સહુનો ઋણી છું. જો હું સુવાર્તા પ્રગટ ન કરૂં, તો મને અફસોસ!" (રૂમી. ૧ ; ૧૪: ૧ કર. ૯ ; ૧૬). સુવાર્તા પ્રગટ કરવાનો મારો એજ પરવાનો છે. ઇશ્વરની કૃપાનો મને જે અનુભવ થયો છે, તે બીજાઓને જણાવ્યા વગર મારાથી રહેવાય નહિ. જો હું છાનોમાનો રહું, તો મને અફસોસ! અનુભવસિદ્ધ સાક્ષી સામે કોણ ઊભું રહી શકે! ફેડેલું પાણી કૂવામાં આવ્યા વગર રહે જ નહિ.

૨૩–૩૧. **સ્તુતિ તથા પ્રાર્થના કરનારી મંડળી.** સુવાર્તાપ્રચારક અઠવાડિયા પહેલાં આપણે પ્રાર્થનાદ્વારા તૈયારી કરીએ છીએ, અને અઠવાડિયા દરમિયાન આપણે પ્રાર્થના-દ્વારા સહાય માગ્યા કરીએ છીએ. પણ અઠવાડિયું વિત્યા બાદ આપણામાંના ઇશ્વરની સ્તુતિ કરવા પાછા આવનાર કેટલા છે! પ્રભુનો આભાર માનવા પાછા ફરેલા રક્તપિત્તીઆને બમણો આશીર્વાદ મળ્યો (લુક ૧૭ ; ૧૯). સ્તુતિ કરનારી મંડળી (૨૯) બમણી હિંમતવાન બની ગઇ (૩૧).

૩૨–૩૭. **સહકારી મંડળી.** આથી પ્રભુ ખ્રિસ્તના આત્માનું સાંનિધ્ય તથા તેનું પરાક્રમ સાબિત થયું. "તમે એકબીજાના ભાર ઊંચકો, અને એમ ખ્રિસ્તનો નિયમ સંપૂર્ણ રીતે પાળો" (ગલાતી. ૬ ; ૨). આઇ. પી. મંડળીનું પાસ્ટર ફન્ડ આ વાતનો એક સરસ દાખલો છે. આપણા સર્વે વ્યવહારમાં આ નિયમનો અમલ કરવામાં આવે, તો કેવું સારૂં!

અધ્યાય ૫મો

બોધરૂપ વચન:—"જેથી પીતર પાસે થઇને જાય તો તેનો પડછાયો પણ તેઓમાંના કોઇના ઉપર પડે." ક. ૧૫.

૧–૧૧. વળગી રહેનાર પાપમાં રહેલું જોખમ. જુઓ હેબ. ૧૨ ; ૧. અનાન્યા તથા સાફીરાએ કરેલા પાપની સજા આપણને કદાપિ ભારે લાગે. પણ સમય અણીનો હતો. મંડળીની શરૂઆતનો જ સમય હતો. શરૂઆતથી જ આપણે પાપનું અતિઘણું પાપિષ્ટપણું સમજીએ એ જરૂરનું છે. કોઇ પણ પાપ નજીવું ન ગણાય. "થોડું ખમીર આખા લોંદાને ફુલાવે છે" (૧ કર. ૫ ; ૬). આખાને એવા જ પ્રકારનું પાપ કર્યું, એટલે યહોવાહને જે અર્પિત, તે તેણે પોતાના ખપને સારૂ સંતાડી રાખ્યું. તેને કેવી ભારે સજા કરવામાં આવી! (યહો. ૭ ; ૨૫). કારણ શું? કારણ કે સમય અણીનો હતો.

[illegible] છે.

[illegible] જુઓ માર્ક ૧૧; ૧૮: લુ[illegible],

[illegible]ર્ગના સભ્યો પ્રેરિતોનો તુચ્છકાર કરતા હતા, પણ [illegible] લોક [illegible]

[illegible] (પરંતુ જુઓ ૬; ૭): "જેથી...તેનો પડછાયો પણ તેઓના પર પડે." [illegible]વાક્યમાં ખ્રિસ્તમય જીવનનું ટૂંકું દૃષ્ટાંત સમાએલું છે. "તેમાંનો દરેક માણસ...કંટાળો ઉપજાવનાર દેશમાં વિશાળ ખડકની છાયા જેવો થશે" (યશા. ૩૨; ૨). દરેક ખરો દેવભક્ત ઓથારૂપ હોય છે. ખ્રિસ્તમય જીવન સંતાડી ન શકાય (માર્ક ૭; ૨૪). પ્રભુ ઈસુને પગે મરિયમે ચોળેલા અત્તરની સુગંધ આખા ઘરમાં પસરી રહી (યોહાન ૧૨; ૩). ખમીર ફુલાવે છે ખરૂં (૧ કર. ૫; ૬). પણ મીઠું તાજું રાખે છે. "તમે જગતનું મીઠું છો." દાખલા તરીકે કારાગૃહમાં પૂરાએલો યુસફ (ઉત્પત્તિ ૪૦; ૪), શાઊલ રાજાના દરબારમાં દાઊદ (૧ શમૂ. ૧૬; ૨૩), મૂર્તિપૂજક રાજાના મહેલમાં દાનીએલ (દાની. ૩; ૪૭: ૬; ૨૬, ૨૭). તેવી જ રીતે વર્ગમાં જો માત્ર એક જ ભલો છોકરો હોય, છાત્રાલયમાં જો માત્ર એક જ ધાર્મિક વિદ્યાર્થી હોય, ગામમાં જો માત્ર એક જ ખરો દેવસેવક હોય, તો તેમનો પડછાયો આખા વર્ગ પર, આખા છાત્રાલય પર, આખા ગામ પર સારી અસર કર્યા વિના રહે જ નહિ. "ભૂંડાથી તું હારી ન જા, પણ સારાથી ભૂંડાનો પરાજય કર" (રૂમી. ૧૨; ૨૧). પ્રભુ ઇસુના દાખલાનો વિચાર કરો (માર્ક ૬; ૫૬) હું કેમ કરીને મારૂં જીવન એવું કલ્યાણકારક, એવું સુગંધીદાર (એફેસી. ૫; ૨) બનાવું? આજ્ઞાંકિતપણાથી તથા આજ્ઞા માનનારાઓને આપેલા પવિત્ર આત્માની સહાયથી (૫; ૩૨).

૧૭–૩૨. **ધર્મગુરુઓનો વધતો જતો વિરોધ.** પહેલાંની માફક (૪; ૧) ઉશ્કેરનારા તો સાદુકીઓ હતા. આ વખતે બેને નહિ, પણ બારેબાર પ્રેરિતોને કેદ કરવામાં આવ્યા (૧૮). દેવદૂતના હાથથી છૂટા કરાઇને ન્યાયસભાના ફરમાનની અવગણના કરીને અને દેવની આજ્ઞાને આધીન થઇને (૨૦) તેઓ ફરીથી મંદિરમાં જઇને જાહેરમાં ઉપદેશ કરવા લાગ્યા (૨૧). આગલા વખતના જેવું દૃશ્ય! તો પણ કેટલો બધો ફેર! આ પ્રસંગે જેઓ ગભરાઇ ગયા, તે તો પ્રેરિતોની ધરપકડ કરનાર સરદાર તથા તેના સિપાઇઓ હતા! (૨૬) પોતાનો બચાવ કરનારા તો યાજકો તથા શાસ્ત્રીઓ હતા! (૨૮). તેઓએ પ્રેરિતો પર બે આરોપ મૂકયા, એટલે (૧) અમારો મનાઇ હુકમ તમે તોડયો, અને (૨) એ માણસનું લોહી પાડવાનો દોષ તમે અમારા પર મૂકવા માગો છો. જવાબમાં પીતરે કહ્યું, કે "પહેલું તહોમત સાચું છે, કેમકે અમારે આપનું નહિ, પણ દેવનું માનવું. બીજું તહોમત પણ કબૂલ છે, કેમકે ઇસુને વધસ્તંભ પર ટાંગીને મારી નાખનાર તમે જ છો. તો પણ તેના રકતથી પાપની ક્ષમા. માનો ને પવિત્ર આત્માનું દાન આપ લોકને પણ આપવામાં આવશે."

૩૩–૪૨. **ગમાલીએલની સલાહથી પ્રેરિતોનો બચાવ.** પ્રેરિતો એક ફરોશી-ની સલાહથી, એટલે પુનરુત્થાનનો મત માનનાર જે હતો, તેની સલાહથી તેમને મારી નાખવાની ઇચ્છા રાખનાર સાદુકીઓના હાથમાંથી બચી ગયા. જુઓ ૨૩; ૭-૧૦. તો પણ તેઓને એમનેએમ છોડી દેવામાં આવ્યા નહિ. ગઇ વખતે ન્યાયસભાએ તેઓને ધમકી આપવાનો ફેંસલો કર્યો હતો (૪; ૧૭), પણ આ વખતે તેઓમાંના દરેકને ઓગણચાળીસ

...ના પર ધૂળ ઉડા...

... પણ ધૂળમા માડમા ! નિંદામાં માન ! મારા પ્રભુના ... તેના પર તેઓ થૂંક્યા ! (માર્ક ૧૫ ; ૧૫, ૧૯). તો ગુરુ કરતાં શિ... ઈસુ ... કરતાં સેવક મહાન ?

અધ્યાય ૬ઠો

બોધરૂપ વચન :—"આત્માથી તથા જ્ઞાનથી ભરપૂર એવા સાત પ્રતિષ્ઠિત માણસોને શોધી કાઢો." ક. ૩.

[તકરાર થવાનું શું કારણ હતું, તે તેમજ આગળ જતાં મંડળીની પ્રગતિ કેવી રીતે થઈ, તે સમજવા સારૂ નીચેના ખુલાસા પર ધ્યાન આપવું જોઇએ. શોધકોના ચાર જુદા વર્ગ હતા. તેઓ નીચે પ્રમાણે હતા :—

(૧) હેબ્રીઓ (૬ ; ૧), એટલે પાલેસ્ટાઇનવાસી ચુસ્ત યહૂદીઓ. તેઓ અરામી ભાષા બોલતા હતા.

(૨) ગ્રીક યહુદીઓ (૬ ; ૨ : ૯ ; ૨૯), એટલે પરદેશોમાં વિખેરાએલા યહૂદીઓ (યા. ૧ ; ૧). તેઓ ગ્રીક ભાષા બોલતા હતા.

(૩) જેઓ "દેવનો ભય રાખનારા" કે "ધાર્મિક" કહેવાતા હતા, તેઓ (૮ ; ૨ : ૧૦ ; ૨ : ૧૩ ; ૧૬, વગેરે). તેઓ "ગ્રીક લોક" પણ કહેવાય છે (૧૧ ; ૨૦).

(૪) "યહૂદી થએલા" (૨ ; ૧૦ : ૬ ; ૫ : ૧૩ ; ૪૩), એટલે જે અન્યધર્મીઓ યહૂદી ધર્મના સર્વ વિધિઓ (સુન્નત સંસ્કારસહિત) સ્વીકારીને યહૂદીઓ બની ગયા હતા, તેઓ].

૧–૬. મંડળીને વ્યવસ્થિત કરવાની પ્રથમ ગોઠવણ. પ્રેરિતો તો "હેબ્રી" હતા, તેથી "ગ્રીક યહૂદીઓની" સ્થિતિ તથા રીતભાતનો તેઓને ઓછો પરિચય હતો. તકરાર સમાવવાને સારૂ તેઓએ સારો ઉપાય કર્યો. જે સાત સેવક નિમાયા તેઓ સાતેનાં નામ ગ્રીક ભાષાનાં છે, તેથી સાતે "ગ્રીક યહુદીઓ" હોય, એવો સંભવ છે. સાતની નિમણૂક થઇ, કેમકે જેમ આ દેશમાં પંચ એટલે પાંચ માણસોને, તેમ પાલેસ્ટાઇનમાં સાત માણસોને સત્તા આપવાનો રિવાજ હતો. આ સેવકમંડળ "The Seven" (સાત)ના નામથી ઓળખાતું હતું (૨૧ ; ૮).

"પવિત્ર આત્મા તથા જ્ઞાનથી ભરપૂર." કામ તો ભાણાં પીરસવાનું. તો એવા હલકા કામને માટે એવી ઊંચ પ્રકારની લાયકાતની શી જરૂર ? પણ ઈશ્વરની દૃષ્ટિમાં કયા પ્રકારની સેવા હલકી ગણાય ? ટાઢા પાણીનું પ્યાલું આપવા જેટલી જૂજ સેવા જે કોઈ કરે, "તે તેનું ફળ પામ્યા વિના રહેશે નહિ" (માત્થી ૧૦ ; ૪૨). દુનિયામાં સહુથી નામાંકિત ગણાએલા કોણ ? લોકસેવા કરનારા. હિન્દી ખ્રિસ્તી મંડળીમાં સહુથી પ્રિય નામ કોનાં ? વિલ્યમ કેરી તથા સાધુ સુન્દરસિંહ જેવા સેવકો. સેવાભાવ તો ખ્રિસ્તના રાજ્યનો પ્રથમ નિયમ છે. "જેમ માણસનો દીકરો......સેવા કરવા આવ્યો, તેમ......" (માત્થી ૨૦ ; ૨૮). આકાશમ તેમજ પૃથ્વી પર જે સહુથી શ્રેષ્ઠ નામ છે, તે કોને આપવામાં આવ્યું ? જેણે દેવ સમાન હોવા છતાં દાસનું રૂપ ધારણ કર્યું, તેને (ફિલિપી. ૨ ; ૫–૧૧). આપણે કોને ગુરુ તથા પ્રભુ

જીવી રહીએ,
આપણે આગ્રહથી પ્રાર્થના કરીએ.

પ્રે. કૃ. નો પહેલો ભાગ સમાપ્ત કરે છે. બીજા ભાગોમાં સમાપ્તિવચન ૯; ૩૧; ૧૨, ૨૪; ૧૬; ૫: ૧૯; ૨૦].

૮–૧૫. **સ્તેફન પર મૂકેલા આરોપ.** સાક્ષીઓ જૂઠા કહેવાય છે (૧૩), પરંતુ જો કે તેઓએ સ્તેફનનાં વચન મરડી નાખ્યાં હશે, તોય તેઓની જુબાની એકંદરે સાચી હતી. સ્તેફન "ગ્રીક યહૂદી" વર્ગનો હતો, તેથી અન્યધર્મીઓના સહવાસમાં રહેવાથી તથા પરદેશીઓની વિદ્યાનો અભ્યાસ કરવાથી તે "હેબ્રીઓ" કરતાં વધારે ઉદાર મતનો હોય, તે સ્વાભાવિક છે. વળી ઈશ્વરની પ્રેરણાથી પ્રેરિતોને જેનું દર્શન હજુ થયું નહોતું, તે સ્તેફન નિહાળવા તથા અંગીકારવા પામ્યો હતો. મુખ્ય આરોપ બે હતા, એટલે (૧) યરૂશાલેમના મંદિર સબંધી, અને (૨) મુસાના નિયમશાસ્ત્ર સંબંધી. પ્રભુ ઈસુ પર પણ આના જેવા આક્ષેપ મૂકવામાં આવ્યા હતા (માર્ક ૧૪; ૫૮). વાત પણ સાચી હતી (યોહાન ૪; ૨૧). નિયમશાસ્ત્ર સંબંધીની વાત પણ એવી જ. પરંતુ તેને બદલી નાખવા નહિ, પણ તેને પૂર્ણ કરવા પ્રભુ ઈસુ આવ્યો હતો (મા. ૫; ૧૭). છસો વર્ષ અગાઉ યિર્મેયાહે એનો એજ બોધ કર્યો હતો (યિર્મે. ૭; ૧-૧૫), તેને પણ તે વખતના યાજકો તથા પ્રબોધકો મારી નાખવા ઊભા થયા (યિર્મે. ૨૬; ૧૧). સરદારોની દરમિયાનગીરીથી યિર્મેયાહ બચી ગયો, પણ સ્તેફનના પક્ષમાં ઊભો રહે એવો કોઈ સહાયકારી નહોતો.

અધ્યાય ૭મો

બોધરૂપ વચન:—"એમ કહીને તે ઊંઘી ગયો." ક. ૫૩.

૧–૫૩. **પોતાના બચાવમાં સ્તેફને કરેલું ભાષણ.** ભાષણ કરતાં સ્તેફન પોતાના પર મૂકેલા બે આક્ષેપમાં સમાએલી વાત સાચી છે એ સાબિત કરવા માગે છે.

(૧) **નિયમશાસ્ત્ર સંબંધી.** નિયમશાસ્ત્ર હજુ સિનાય પહાડ આગળ જાહેર કરવામાં આવ્યું નહોતું, એટલામાં ચારસો વર્ષ દરમિયાન (૬) ઇબ્રાહીમ તથા તેનાં સંતાન ખરા ભાવથી યહોવાહની ભક્તિસેવા કરતા હતા. ઇશ્વરનું ભજન આત્માથી તથા સત્યતાથી કરવું (યોહાન ૪; ૨૩).

(૨) **મંદિર સંબંધી.** નિર્ગમન વખતે તેમજ જ્યાં સુધી સુલેમાને મંદિર બંધાવ્યું નહોતું, ત્યાં સુધી વગર મંદિરે યહોવાહના સેવકો તેનું ભજન કરતા હતા. વળી મંદિર બંધાવનાર સુલેમાન રાજાએ પોતે કબૂલ કર્યું, કે "...તો આ મારા બાંધેલા મંદિરમાં તારો સમાવેશ થવો કેટલો બધો અશક્ય છે!" (૧ રાજા. ૮; ૨૭).

(૩) તે ઉપરાંત સ્તેફને એક ત્રીજી તથા ઘણા મહત્ત્વની વાત સાબિત કરી, તે એ છે કે શરૂઆતથી તમારા પિતૃઓ યહોવાહના પ્રબોધકોનો નકાર કરતા આવેલા છે—જેવાકે યુસફ (૯), મુસા (૨૭, ૩૫, ૩૯), સર્વ પ્રબોધકો (૫૨). "તે કારણને લીધે જેનું આગમન મુસાએ ભાખ્યું હતું (૩૭), તે ન્યાયીને તમે પરસ્વાધીન કરીને મારી નાખ્યો" (૫૩).

મરણ. આ દરર્ષ..

... પ્રભુ ઈસુના મરણ તથા પુનરુત્થાનથી માનવી જીવનમાં [illegible] કરવામાં આવેલું છે, તે આપણે સમજી શકીએ. એકલો થઈને ઈસુ [illegible] (માર્ક ૧૫; ૩૪). તેણે એકલાએ દ્રાક્ષાકુંડ ખૂંદ્યો ને લોકમાંથી કોઈ માણસ તેની સાથે નહોતો (યશા. ૬૩; ૩). પણ હવે જીવતો રહીને તે મરણને શરણ આવેલા પોતાના દરેક સેવકને વિજય પમાડવા હાજર જ રહે છે. હવે પછી મરી જવું તે ઊંઘી જવા બરોબર છે—ખ્રિસ્ત ઈસુના ખોળામાં (૧ કર. ૧૫; ૧૮: ૧ થેસ. ૪; ૧૪: પ્રક. ૧૪; ૧૩). તેઓ સ્તેફનને શહેર બહાર લઈ જઈને તેને પથ્થર મારવા લાગ્યા. શહેર બહાર (યોહાન ૧૯; ૨૦) તેઓ પ્રભુ ઈસુને પણ લઈ ગયા. પણ જેને તેઓએ વધસ્તંભે જડાવ્યો હતો, તેને મહિમાવાન પ્રભુ માનીને સ્તેફને પોતાનો આત્મા તેના હાથમાં સોંપ્યો. આખરે પોતાના પ્રભુના આત્માથી ભરપૂર થઈને (લુક ૨૩; ૩૪) તેણે મોટો ઘાંટો પાડીને કહ્યું, કે "ઓ પ્રભુ, આ દોષ તેઓને માથે ન મૂક." આ વાર્તામાં પ્રભુ ઈસુના દરેક સેવકના શાંતિમય મરણનો આલેખ કરેલો છે. "જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે, તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ" (રૂમી. ૮; ૩૭).

૮; ૧. આ સર્વ જોનાર તથા સાંભળનાર જુવાન શાઊલ પર તેની કંઈ અસર થઈ નહિ હોય શું? ન્યાયસભામાં તેણે સ્તેફનની વિરુદ્ધમાં મત આપ્યો હતો (૨૬; ૧૦). તો પણ આ શહિદનું મૃત્યુ નિહાળીને તેને કંઈ પણ લાગણી નહિ થઈ હોય? "આરને લાત મારવી તને કઠણ છે," એમ કહીને પ્રભુ ઈસુએ તેને સ્તેફનના મરણનો ખ્યાલ કરાવ્યો ન હોય? પ્રભુ આપણને અણધારેલે રસ્તે થઈ દોરી લઈ જાય છે.

અધ્યાય ૮મો

બોધરૂપ વચન: "શાસ્ત્રની એ વાતથી આરંભ કરીને તેણે તેને ઈસુ વિષેની સુવાર્તા પ્રગટ કરી." કલમ ૩૫.

[આ અધ્યાયમાં મંડળીની પ્રગતિને લગતી એક ઘણા મહત્ત્વની વાત વર્ણવેલી છે. જેઓનો અંગીકાર યહૂદી સમાજ કદી ન કરે, તેવા બે વર્ગના માણસો, એટલે સમરૂનીઓ તથા એક ખોજો, કેવી રીતે ખ્રિસ્તી મંડળીમાં મેળવાયા, તે જણાવેલું છે. આ બનાવ યરૂશાલેમ બહાર બન્યો. યરૂશાલેમમાંની મંડળી આ વાત કબૂલ કરવા હજુ તૈયાર થઈ નહોતી].

૧–૪. **ખ્રિસ્તીઓની સતાવણી.** તેમાં આગળ પડતો ભાગ લેનાર શાઊલ હતો. પ્રેરિતોને કોઈ પ્રકારની હરકત કરવામાં આવી નહિ, તેનું શું કારણ હશે! તેનું કારણ કદાચ એ હોય, કે તેઓ "હેબ્રી" વર્ગના હતા, જેથી તેઓનો બોધ બીજા યહૂદીઓને "ગ્રીક યહૂદી" સ્તેફનના જેવો નડતરરૂપ નહિ લાગ્યો હોય. તેઓએ સ્તેફનની દફનક્રિયામાં પણ ભાગ લીધો નહિ. તેનું દફન "ધાર્મિક" માણસોએ (એટલે બિનયહૂદીઓએ) કર્યું. સ્તેફનના અનુયાયીઓ વિખેરાઈ ગયા ખરા, પણ જેટલા વિખેરાયા તેઓ સર્વ સુવાર્તા પ્રગટ કરનાર થયા (૪).

...). છતાં પણ

(... હામ ૪; ૯). તેઓ તેમને "પરદેશી..., એટલે ...

૧૭, ૧૮). કોઇનો તુચ્છકાર જ્યારે કરવાનો હોય, ત્યારે તેઓ ...

... સમરૂની" કહીને બોલતા (યોહાન ૮; ૪૮). પણ હવે ઇસુ તેજ મસીહ છે (૫), એમ માનીને ઘણાં સ્ત્રીપુરુષો બાપ્તિસ્મા પામ્યાં (૧૨). આખા શહેરમાં આનંદ વ્યાપી રહ્યો (૮).

સમરૂનીઓએ પણ દેવની વાત સ્વીકારી છે, એવી ખબર સાંભળીને યરૂશાલેમની મંડળીના "હેબ્રી" ભાઇઓને નવાઇ લાગી, તેથી એ સાચી વાત છે કે કેમ તેની તપાસ કરવા તેઓએ પીતર તથા યોહાનને સમારીઆ મોકલ્યા. ખાતરી કરીને તે બે પ્રેરિતો પાછા આવ્યા, એટલું જ નહિ પણ તેઓ પોતે સમરૂનીઓનાં ઘણાં ગામોમાં ઉપદેશ કરીને આવ્યા (૨૫). પ્રભુ ઇસુના મરણ તથા પુનરુત્થાનથી કેટલો બધો ફેરફાર! પવિત્ર આત્માના આવવાથી માણસોની પુનરુત્પત્તિ! સમરૂનીઓ ઉપર આકાશથી આગ વરસાવનાર યોહાન, તે હવે તેઓની આગળ તારણની સુવાર્તા પ્રગટ કરનાર બનેલો છે! (લુક ૯; ૫૫). પવિત્ર આત્મા મારામાં પણ એવું બદલાણ કરાવે, તો કેવું સારૂં!

૨૬-૪૦. **એક ખોજાનું દાખલ થવું.** મુસાના નિયમ પ્રમાણે (પુન. ૨૩; ૧) ખોજાઓને પણ યહોવાહની મંડળી બહાર કાઢેલા હતા. (પરંતુ યશાયાહના બોધ પ્રમાણે તેમના પર યહોવાહની રહેમ રાખવામાં આવી હતી (૫૬; ૪, ૫) આ માણસ "ભજન કરવા સારૂ યરૂશાલેમ આવ્યો હતો" (૨૭), તેથી તે "યહૂદી થએલા" વર્ગનો હોય, એવો સંભવ છે).

ફિલિપ વિષેની વાત પણ ધ્યાન આપવા લાયક છે. તે "દેવની આજ્ઞા માનનારા"ઓ-માંનો એક હતો (૫; ૩૨). દેવવાણી સાંભળનાર તે હતો. તે ઇશ્વરના આત્માથી દોરવાએલો સેવક હતો (૨૬, ૨૯, ૩૯).

પછીની બધી વાતો સ્પષ્ટ છે. ખોજો પણ બાપ્તિસ્માદ્વારા ખ્રિસ્તી મંડળીમાં મેળવાયો, અને સમરૂનીઓની પેઠે તે પણ આનંદ કરતો કરતો પોતાને માર્ગે ચાલ્યો ગયો (૩૯).

"આનંદ ઉર છે રે,
મુજને મળીઓ તારણહાર."

"તેણે તેની આગળ ઈસુને પ્રગટ કર્યો."

(અ) શાસ્ત્રવાચન. જુઓ લુક ૨૪; ૪૫.

(આ) શાસ્ત્રનો સાર. તે ઈસુ ખ્રિસ્ત છે. જુઓ લુક ૨૪; ૩૭, ૪૪: યોહાન ૬; ૩૯, ૪૬.

જેમ આગળ કહેવામાં આવ્યું, તેમ યશા. ૫૩માં આખા સતશાસ્ત્રનો સાર સમાએલો છે. પરંતુ યહૂદીઓ એક ઉપાધિગ્રસ્ત મસીહની નહિ, પણ એક સશસ્ત્ર સરદારની રાહ જોતા હતા, તેથી જ્યારે દાસના રૂપમાં દેવપુત્ર તેઓ મધ્યે અવતર્યો, ત્યારે તેઓએ તેને ઓળખ્યો નહિ. જ્યાં સુધી પ્રભુ આપણાં મનચક્ષુ ન ખોલે, ત્યાં સુધી આપણામાંનું કોઇ પણ તેને ઓળખી ન શકે (લુક ૨૪; ૩૧).

અધ્યાય ૯મો

બોધરૂપ વચન:—"શાઊલ, શાઊલ, તું મને કેમ સતાવે છે?"

૧-૯. શાઊલનું પરિવર્તન. શાઊલ તાર્સસ શહેરનો વતની હતો, તેથી તે "ગ્રીક યહૂદી" વર્ગનો હતો. તોપણ તે યરૂશાલેમના પ્રખ્યાત શાસ્ત્રી ગમાલીએલના ચરણમાં ઊછરેલો (૨૩; ૩), તેથી તેને "હેબ્રી" કહેતાં બાધ નથી. તેનામાં "ગ્રીક યહૂદીઓ"ની ઉદારતા તેમજ "હેબ્રીઓ"ની ચુસ્તતા બન્ને ભળેલી હતી. ખરેખર તે પ્રભુની સાર્વજનિક સુવાર્તા પ્રગટ કરવા સારૂ ઈશ્વરે યોજેલા સાધનભૂત હતો.

જેમ તે દમસ્ક ભણી રસ્તો કાપતો ગયો, તેમ પ્રભુ તેને આર મારતો ગયો, તેમાં શી નવાઇ? સ્તેફનના મરણનું તથા બીજાં અનેક નનામાં ખ્રિસ્તી સ્ત્રીપુરુષોનાં મરણનું દૃશ્ય તેની આંખ આગળ ખડું રહ્યું. તેઓની સહનશીલતા જોઇને તેણે ઈસુની સહનશીલતા જોઈ હતી. તેઓનાં વચનદ્વારા તેણે ઈસુનાં વચન સાંભળ્યાં હતાં. તેઓ દ્વારા તે ઈસુનાં દર્શન પામ્યો હતો. તે સર્વ ઉપરાંત તેને પોતાના ગુરુ ગમાલીએલનો ઉપદેશ યાદ આવ્યા કરતો. "જો તે દેવનું હોય, તો કદાપિ તું દેવની સામો પણ લડનાર જણાઇશ." "આરને લાત મારવી તને કઠણ છે."

એટલામાં ખુદ પ્રભુ ઈસુનું તેને દર્શન થયું. "શાઊલ, શાઊલ, તું મને કેમ સતાવે છે!" **(અ)** શોધનાર પ્રભુ. "માણસનો દીકરો...શોધવા...આવ્યો." **(આ)** પોતાના સેવકના દુ:ખમાં દુ:ખ પામનાર પ્રભુ. "હું ઈસુ છું, કે જેને તું સતાવે છે." **(ઇ) ક્ષમા કરનાર પ્રભુ.** "જેને તું સતાવે છે, તે તને અંધકારમાંથી છોડાવીને આશ્ચર્યકારક પ્રકાશમાં લાવવા આવ્યો છે." જ્ઞાનથી નહિ, તેમજ કર્મોથી નહિ, પણ કેવળ ઈશ્વરની કૃપાથી આપણે તારણ પામેલાં છીએ. શાઊલને જેનું દર્શન થયું, તે મહિમાવાન થએલા પ્રભુ ઈસુનું દર્શન હતું (૧ કરિ. ૧૫; ૮).

પાઊલના ત્યાર પછીના આખા જીવનનો મૂળ પાયો એજ હતો. "હું જીવું છું; તો પણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે" (ગલ. ૨; ૨૦). આપણો આધાર પણ તેજ સદા જીવતો રહેનાર ખ્રિસ્ત છે.

૧૦–૧૯અ—પાઊલનું તેડું. શરૂઆતથી જ તેને એ વાત સ્પષ્ટતાએ જણાવવામાં આવી, એટલે કે (૧) તે વિદેશીઓ, રાજાઓ તથા ઈસ્રાએલપુત્રોની આગળ સુવાર્તા પ્રગટ કરવા, અને (૨) ઈસુના નામને લીધે ઘણું દુ:ખ સહન કરવા પ્રભુનું પસંદ કરેલું પાત્ર છે. શું "વિદેશીઓની આગળ?" હું ચુસ્ત ફરોશી છતાં મસીહની વાત વિદેશીઓની આગળ કેમ કરીને પ્રગટ કરૂં? ફરોશીઓની દૃષ્ટિમાં વિદેશીઓ મ્લેચ્છ જેવા ગણાતા હતા. એવા એવા વિચારો મનમાં આવ્યા છતાં તેને જે સ્વર્ગીય દર્શન થયું હતું, તે માન્યા વગર પાઊલ એક પળ પણ રહ્યો નહિ. ત્યારથી જીંદગી પર્યંત ઈસુ તેનો પ્રભુ, અને તે ઈસુનો સેવક હતો. "મારે જીવવું તે ખ્રિસ્ત," એવી વયોવૃદ્ધ થએલા પાઊલ કેદીની સાક્ષી હતી.

૧૯ આ—૨૫. દમસ્કમાં પાઊલે આપેલી સાક્ષી. થોડાઘણા દિવસ દમસ્કમાં ઉપદેશ કર્યો બાદ પાઊલ અરબસ્તાન ચાલ્યો ગયો, ત્યાંથી તે ફરીથી દમસ્ક પાછો આવ્યો

...મનાય, ત સ્વાભા...

...આવેશ રાખનારા જણાઇએ છીએ. ભલા ...બાસને

...ડળીમાં પ્રભુ પ્રબોધના, દિલાસાના એવા ઘણા દીકરાઓને ઊભા કરો!

...જેવો સ્તેફન તેવો પાઊલ. "ગ્રીક યહૂદીઓ"ની સાથે તે વાદવિવાદ કરતો હતો (૨૯: ૬; ૯). પણ સ્તેફનના બોધને લીધે જેવી ધાંધળ થઇ, તેવી ફરીથી ધમાલ ન થાય, માટે પંદર દિવસ પછી (ગલ. ૧; ૧૮) પ્રેરિતોએ તેને કાઇસારીઆમાં થઇને તાર્સસ મોકલી દીધો.

૩૧. ભાગ ૨જાનું સમાપ્તિવચન.

અધ્યાય ૧૦મો

બોધરૂપ વચન:—"હવે પ્રભુએ જે વાતો તને ફરમાવી છે, તે સર્વે સાંભળવા સારૂ અમે સઘળા અહીં દેવની સમક્ષ હાજર થયા છીએ." ક. ૩૩.

૯; ૩૨–૪૨. **આસપાસની મંડળીઓની પીતરે લીધેલી મુલાકાત.** માત્ર બે વાત પર ધ્યાન ખેંચવાનું છે: (૧) પીતરે મરી ગએલી દરકાસને જીવતી કરી, તેની સાથે પ્રભુ ઇસુએ યાઐરસની દીકરીને સજીવ કરી તે વાત સરખાવો (માર્ક ૫; ૪૦, ૪૧). બન્ને વાત સમાન છે. ફેરફાર આટલો છે કે પીતરે પ્રાર્થના કર્યા બાદ ચમત્કાર કર્યો. પરંતુ એવા ફેરફારમાં ઘણો અર્થ રહેલો છે.

(૨) "જોપ્પામાં સીમોન નામે એક ચમારને ત્યાં પીતર ઘણા દહાડા રહ્યો" (૪૩). સીમોન તો બિનયહૂદી હતો, કેમકે યહૂદીઓને ચામડાં પકવવાના ધંધાની સખત મના હતી. તે ખ્રિસ્તી થયો હતો, અને જો કે ધંધાને લીધે તે અસ્પર્શ્ય હતો, તો પણ પીતર તેને ત્યાં ઊતર્યો. પીતરનો વિશ્વાસ ધીમે ધીમે વિકાસ પામતો જતો હતો.

૧–૮. **કરનેલ્યસને થએલું દર્શન.** કરનેલ્યસ રૂમી હતો, પણ તે "ધાર્મિક," "દેવનો ભય રાખનાર" હતો. યહૂદીઓના વિધિ પ્રમાણે તે ખાનગી પ્રાર્થના કરતો હતો (૩૦). વળી તે કૌટુંબિક પ્રાર્થના કરનાર પણ હતો. તેની નોકરી કરનાર એક સિપાઇ પણ "ધાર્મિક" હતો. તેનું આખું કુટુંબ ધાર્મિક હતું (૩૩). આખી યહૂદી કોમમાં એવા અમલદારની સારી સાખ પડી હોય (૨૨), તો તેમાં શી નવાઇ? એવા શોધકને ઇશ્વર મળે, તેમાં પણ અજાયબ જેવું કંઇ નથી.

૯–૧૬. **પીતરને થએલું દર્શન.** આ દર્શનદ્વારા પ્રભુએ પોતાના સેવકોની આંખ ઉઘાડી. એક વખત બોધ કરીને પ્રભુ ઇસુએ સર્વ ખોરાક શુદ્ધ ઠરાવ્યા હતા (માર્ક ૭; ૧૯). એક વખત સર્વ માણસોને મરણ પામીને પ્રભુ ઇસુએ પ્રજા પ્રજાની વચ્ચે જે આડી આવેલી ભીંત હતી, તે પાડી નાખી (એફેસી. ૨; ૧૪). હવે કોઇ પણ પ્રજા કે કોમ કે જાત અશુદ્ધ કહેવાય નહિ. પીતર પરધર્મીઓની આગળ સુવાર્તા પ્રગટ કરવા જાય, તે પહેલાં દયાળુ પ્રભુ ઇસુએ તેને આ દર્શનદ્વારા આ અવશ્યની વાત સમજાવી.

૧૭–૪૮. **પ્રેરિતના હાથથી એક અન્યધર્મી ખ્રિસ્તી મંડળીમાં મેળવાયો.** સમરૂનીઓ કયારના ખ્રિસ્તી થયા હતા, પણ તેઓ ખરા "અન્ય ધર્મીઓ" ન ગણાય

...ને વધાવ્યા, તા પણ પરદેશીને ત્યાં જઇને ઊતરવું ... પાત... ૨)
સહેલું લાગ્યું નહિ. પરંતુ આગલે દિવસે જોએલા દર્શનનો અર્થ સ્પષ્ટ થવા લા...
જે શુદ્ધ કર્યું છે, તેને તું નાપાક ન ગણ." શીખવેલો પાઠ તે સમજી ગયો, અને ચુસ્ત યહૂદીને જે કરવું અનુચિત, તે હવે આનાકાની કર્યા વગર તેણે ઇશ્વરની પ્રેરણાથી કરવાનું કબૂલ કર્યું (૨૮). અત્યાર સુધી અસલના રીતરિવાજોનાં જે બંધનથી તે બંધાએલો હતો, તે સર્વથી પ્રભુના આત્માથી તે મુક્ત થયો (૨ કર. ૩; ૧૭). દેવના દીકરાઓની જે સ્વતંત્રતા છે, તે તે પામી ચૂકયો (રૂમી. ૮; ૧૪).

(૨) પીતરે કરેલું ભાષણ. (અ) આદર્શ શ્રોતાજનો: "દેવની વાત સાંભળવા અમે સઘળા અહીં દેવની સમક્ષ હાજર થયા છીએ" (૩૩). (આ) આદર્શ સંદેશિયો: "તને જે વાતો દેવે ફરમાવી છે." દેવળમાં, નિશાળમાં, બજારમાં પ્રગટ કરેલો દરેક સંદેશો દેવથી અપાએલો હોય, તો કેવું સારૂં! (ઇ) આદર્શ સંદેશો: ફિલિપની પેઠે (૮; ૩૫) પીતરે ઇસુને પ્રગટ કર્યો—તેનું સામર્થ્ય, તેનાં દયાનાં કૃત્યો, તેનું મરણ, તેનું પુનરુત્થાન, અને ન્યાયાધીશ તરીકે તેનું પાછું આવવું. અનુભવસિદ્ધ વાતો—"તે સર્વના અમે સાક્ષી છીએ" (૩૯). પ્રભુના આત્માથી પ્રેરાએલો એવો બોધ શ્રોતાજનો પર અસર કર્યા વિના રહે જ નહિ.

(૩) ભાષણથી થએલી અસર. પચાસમાના દિવસે જેવું બન્યું, તેવુંજ ફરીથી બન્યું. જેમ તે દિવસે યરૂશાલેમ નગરમાં પ્રેરિતો તથા તેઓની સાથે ભેગા થએલા પ્રભુ ઇસુના બીજા સેવકો પર પવિત્ર આત્મા ઊતર્યો, તેમ આ પ્રસંગે એક રૂમી અમલદારને ત્યાં તેનો તેજ આત્મા બિનયહૂદીઓ પર બારોબાર પુષ્કળતાએ ઊતરી આવ્યો (૧૧; ૧૫). ખરેખર સુવાર્તા સાર્વજનિક છે, તેનું ફળ સર્વેને માટે છે, તે બાંધી શકાય નહિ. "યહૂદી તથા ગ્રીકમાં કંઇ ભિન્નતા નથી; કેમકે સર્વનો પ્રભુ એક જ છે, અને જેઓ તેને વિનંતી કરે છે તેઓ સર્વેને માટે તેની સંપત્તિ છે" (રૂમી. ૧૦; ૧૨).

અધ્યાય ૧૧મો

બોધરૂપ વચન:—"તે સારો માણસ હતો, અને પવિત્ર આત્માથી તથા વિશ્વાસથી ભરપૂર હતો." કલમ ૨૪.

૧-૧૮. કરનેલ્યસની વાતનો મંડળીએ કરેલો નિર્ણય. અનિવાર્ય દેખીતાં ચિહ્નો વડે ઇશ્વરે કરનેલ્યસનો વિશ્વાસ માન્ય કર્યો હતો, તો પણ તેને ખ્રિસ્તી મંડળીમાં દાખલ કરવા સંબંધી યરૂશાલેમની મંડળીના ભાઇઓમાં મતભેદ ઊભો થયો તે દુઃખસહિત કબૂલ કરવું પડે છે. વાંધો લેનારા તો "સુન્નતીઓ," એટલે ખ્રિસ્તી થએલા "હેબ્રીઓ" હતા. પછીથી એ વર્ગ ઘણો વધી ગયો. પ્રેરિત પાઊલને સતાવનારા તથા તેના કામને ખલેલ પહોંચાડનારા તેઓ હતા (ગલ. ૩; ૧: ૫; ૨, ૩: ફિલ. ૩; ૩ વગેરે). પરંતુ પીતરે કરનેલ્યસની વાતનો જે ખુલાસો કર્યો, તે સાંભળીને તેઓને કબૂલ કરવું પડયું, કે "દેવે વિદેશીઓને પણ પશ્ચાત્તાપ કરવાનું મન આપ્યું છે." દેવને કોણ અટકાવી શકે?

આઉ [illegible] જાતના ખ્રિસ્તી થએલા કેટલાએક [illegible] યહુદી [illegible]
[illegible]વીને "ગ્રીક લોક"ને પણ સુવાર્તા કહી સંભળાવવા લાગ્યા. [illegible] આઠ
[illegible] ભાઇઓને ! પીતરની પેઠે તેઓ પણ નિયમના બંધનથી છુટકો પામ્યા હતા.

(૩) આ વાતની ખબર યરૂશાલેમની મંડળીને જણાવવામાં આવી. પરંતુ સમરૂનીઓએ દેવની વાતનો અંગીકાર કર્યો છે (૮; ૧૪), તે જાણીને પ્રેરિતોને દુ:ખની જેવી લાગણી થાય તેવી લાગણી આ વખતે તેમને થઇ નહિ. તેઓ આનંદ પામ્યા, અને એ વાતની તપાસ કરવા માટે એમ તો નહિ, પણ ભાઇઓને ઉત્તેજન આપવા સારૂ તેઓએ બાર્નાબાસને અંત્યોખ મોકલ્યો. (૪) "દેવની કૃપા"નું કામ જોઇને બાર્નાબાસ આનંદ પામ્યો, અને તેના નામ અનુસાર ("પ્રબોધનો દીકરો") તેણે ગ્રીક તેમજ યહૂદી ભાઇઓને ઉત્તેજનદાયક બોધ કર્યો. (૫) કામ આગળ ને આગળ વધતું જાય છે, તે જોઇને "આ કામ આગળ ચલાવવા હું યોગ્ય નથી, પણ તેને લાયક એક સેવક છે, તેને હું તેડી લાવીશ." એવો વિચાર કરીને બાર્નાબાસ પાઊલની શોધ કરવા તાર્સસ જવા નીકળ્યો. આઠેક વર્ષ થયાં પાઊલને યરૂશાલેમ છોડીને પોતાને વતન જઇને રહેવું પડયું. તે લાંબો વખત પ્રભુનો આ મહાન સેવક શું કરતો હતો? સિલિસીઆ પ્રાંતમાં ફરતાં ફરતાં અન્ય ધર્મીઓની આગળ તે સુવાર્તા પ્રગટ કરતો હતો ને ખ્રિસ્તી મંડળીઓ સ્થાપન કરતો હતો (ગલાતી. ૧; ૨૧-૨૪). તેથી અંત્યોખમાં જે કામ ચાલતું હતું, તેનો પાઊલ પૂરેપૂરો અનુભવી હતો. બાર્નાબાસ તાર્સસ આવી પહોંચ્યો, ત્યારે પાઊલ ઘેર નહોતો. બાર્નાબાસને તેની શોધખોળ કરવી પડી, અને જડ્યા પછી બેઉ સાથે અંત્યોખ ગયા. (૬) બીજા એક વર્ષ સુધી કામ આગળ ચાલતું ગયું. "ગ્રીક" તેમજ "ગ્રીક યહૂદીઓ"માંના ઘણા મંડળીમાં ઉમેરાયા. તેઓમાં પૂર્ણ સંપ હતો. બાર્નાબાસ જે યરૂશાલેમની "હેબ્રી" મંડળીનો પ્રતિનિધિ હતો, તેની તથા પાઊલ કે જે "ગ્રીક યહુદી" વર્ગનો હતો, તેની વચ્ચે જેવો સંપ હતો, તેવો તેમના અનુયાયીઓ વચ્ચે પણ હતો. પ્રાચીન મંડળીનું સહુથી સુંદર દૃશ્ય આ છે. આદર્શ ઐક્ય! દરેક મંડળી એવી હોય તો કેવું સારૂં! એટલે એવી મંડળી કે જ્યાં "નથી ગ્રીક કે યહૂદી, નથી સુન્નત કે બેસુન્નત, નથી બર્બર, નથી સિથિઅન, નથી દાસ કે સ્વતંત્ર પણ ખ્રિસ્ત સર્વે તથા સર્વમાં છે" (કોલોસી. ૩; ૧૧).

અધ્યાય ૧૨મો

બોધરૂપ વચન:—"પણ મંડળી તેને સારૂ આગ્રહથી પ્રાર્થના કરતી હતી." ક. ૫.

૧-૪. **ખ્રિસ્તીઓની હેરોદે કરેલી સતાવણી.** હેરોદ આગ્રિપા મહાન હેરોદનો પૌત્ર હતો, એટલે પ્રભુ ઇસુના જન્મ વખતે જેણે ઇર્ષાને લીધે બેથલેહેમ ગામનાં નિર્દોષ બાળકોની કતલ કરાવી હતી, તેનો પૌત્ર. ઇ. સ. ૪૧ની સાલમાં રૂમી બાદશાહે તેને પાલેસ્ટાઇન દેશનો રાજા નીમ્યો હતો, ત્યારથી યહૂદીઓની ખુશામત કરીને પણ વિશેષે કરીને ધર્મપરાયણતાનો આડંબર ધરીને તે તેમને પોતાના પક્ષમાં મેળવવા અત્યંત

.. એ... ખાક

...આ ખુશ થયા (૩). આ ૧..

... છે, કેવળ એમ નહિ પણ "સુમતીઓએ" (૧૧, ૨) ... વિરુદ્ધ લોકને ઉશ્કેર્યા હોય, એવું સંભવિત છે.

આ પ્રમાણે યાકૂબ સંબંધી પ્રભુ ઇસુનું બોલેલું ભવિષ્યવચન સંપૂર્ણ થયું (માર્ક ૧૦; ૩૯). ખ્રિસ્તના નામની ખાતર મંડળીનો બીજો શહિદ થઇને યાકૂબ પણ પ્રભુની પેઠે દુ:ખરૂપી પ્યાલું પી ગયો.

૫–૧૯. **પીતરની ધરપકડ તથા કેદખાનામાંથી તેનો છૂટકારો.** લોક મારા પક્ષના છે, એ જોઇને હેરોદે ખ્રિસ્તીઓના આગેવાન પીતરને પકડાવ્યો. પકડાવ્યો તો ખરો, તો પણ રાજાના મનમાં કંઇક શંકા આવી હશે, જેથી તેણે તેની ખાસ ચોકી કરવાની આજ્ઞા આપી. રાતદિવસ વારાફરતી ચચ્ચાર સિપાઇઓ હાજર રહેતા હતા, તેમાંના બેની સાથે તે બાંધેલો હતો, અને બીજા બે ભોંયરાના બારણા બહાર ઊભા રહેતા હતા. પીતરની આવી દશા હતી. વળી પાસ્ખા પર્વનો સમય હતો, અને જો કે હેરોદ રાજા ખ્રિસ્તના નિર્દોષ સેવકનો જીવ લેતાં લેશમાત્ર આચકો ન ખાય, તો પણ પાસ્ખાના સાત દિવસો પવિત્ર પાળવા તે ચૂકે નહિ. પ્રભુ ઇસુને મારી નંખાવનારાઓના જેવી વાત! તેઓએ ઇસુને વધસ્તંભે જડાવ્યો, પણ તેમને આભડછેટ ન લાગે માટે તેઓ પીલાતના દરબારમાં પગ ન મૂકયો! એવીજ રીતે આપણે સર્વે પણ ઘણીવાર ઈશ્વરની આજ્ઞા પડતી મૂકીને માણસનો સંપ્રદાય પાળીએ છીએ (માર્ક ૭; ૮).

પીતર તો બે સાંકળથી બંધાએલો હતો, "પણ મંડળી તેને સારૂ આગ્રહથી પ્રાર્થના કરતી હતી." (અ) પ્રાર્થના કરનારી મંડળી ધીરજ રાખનારી મંડળી છે. તેણે કરેલી પ્રાર્થનાનો તેને તરત ઉત્તર મળ્યો નહિ. પર્વ અગાઉ પીતરને પકડાવવામાં આવ્યો હતો. પર્વ સાત દિવસ ચાલુ રહે (નિર્ગ. ૧૨; ૧૫), અને ત્યાર પછી પીતરના ખૂનનો ખેલ કરાવવાનો હતો, એટલે ઓછામાં ઓછા આઠેક દિવસ લાગ્યા હશે. તોપણ રોજ યોહાન માર્કની માતાને ત્યાં ભેગા મળીને ખ્રિસ્તીઓએ અતિઘણા વિશ્વાસથી તથા આગ્રહથી પ્રાર્થના કરવાનું છોડી દીધું નહિ.

"મેં ધીરજથી યહોવાહની વાટ જોઇ;
અને તેણે કાન દઇને મારી અરજ સાંભળી"
(ગીત. ૪૦; ૧).

(આ) તે આગ્રહથી પ્રાર્થના કરનારી મંડળી છે. જુઓ લુક ૧૮; ૧ : ૨ કરુ. ૧૨; ૮. "જેઓ તેને રાતદહાડો વિનવે છે...તેઓને તે દાદ નહિ આપે શું?"

(ઇ) તે નામ દઇને પ્રાર્થના કરનારી મંડળી છે. "તેને સારૂ." તેઓ મોઘમ વિનંતીઓ કરતા નહોતા, પણ પીતરનું નામ દઇને તેઓ "તેને જ સારૂ" પ્રાર્થના કરતા હતા. ભાઇઓ, આપણે આ દાખલો ધ્યાનમાં રાખીએ. પ્રાર્થવાદી પાઊલે આપણને એજ શિક્ષણ આપેલું છે, એટલે કે "દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો" (ફિલિપી. ૪; ૬).

છીએ, એવા

... પણ આશ્ચર્ય પામ્યા વગર આ... ...

... કે કરીએ તે કરતાં પ્રભુ હરહમેશ આપણી પ્રાર્થનાઓના પ્રત્યુ... ...
નામની સ્તુતિ થાઓ, કે આપણા માગ્યા પ્રમાણે નહિ, આપણા અલ્પ વિશ્વાસ પ્રમાણે નહિ, પણ પોતાની કૃપાની અપાર સંપત્તિ પ્રમાણે તે આપણી સર્વ ગરજો ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડયા કરે છે (ફિલિપી. ૪ ; ૧૯).

૨૦-૨૪. **હેરોદનું શાપિત મરણ.** જેણે ઈશ્વરને માન આપ્યું નહિ, તે ઈશ્વરથી શાપિત કરાયો. ઈશ્વરના સેવકોને જે મારવા ઊઠયો, તેને ઈશ્વરે માર્યો. ઈશ્વરનું જીવન, સમર્થ તથા બેધારી તરવાર કરતાં જે અણીદાર છે, તે વચન જે બાંધી દેવા ગયો તે પોતે મોતજનક ભયાવહ દરદના પાશમાં બંધાઈ જઈને પાંચ જ દિવસ પછી મરી ગયો.

૨૪. **"પણ!" પણ શું? "પણ દેવની વાત પ્રસરતી તથા વૃદ્ધિ પામતી ગઈ."** આ કલમ પુસ્તકના ૩જા ભાગનું સમાપ્તિવચન છે.

(૧) આ પુસ્તકના પૂર્વાર્દ્ધમાં **યહૂદી કોમમાં** ખ્રિસ્તી મંડળીની સ્થાપનાનું વર્ણન કરેલું છે. જો કે સમરૂનીઓની તથા કરનેલ્યસ જેવા પરધર્મીઓની વાત આ ભાગમાં મળી આવે છે, તો પણ એકંદરે તેમાં આપેલી વિગતો યરૂશાલેમમાંની ("હેબ્રી") મંડળી તથા "ગ્રીક યહૂદીઓ"માં સુવાર્તાના કરાએલા પ્રચાર સંબંધીની છે. ઉત્તરાર્દ્ધમાં (અધ્ય. ૧૩-૨૮) પાઊલે પરદેશીઓમાં સ્થાપેલી મંડળીની સવિસ્તર હકીકત આપવામાં આવશે.

(૨) પ્રભુ ઈસુમાં પ્રાપ્ત થએલો ઊભરાતો આનંદ, એજ પુરાતન ખ્રિસ્તી સમાજનું મુખ્ય લક્ષણ હતું (૨ ; ૪૬, ૪૭ : ૮ ; ૮, ૩૯), એવું આ બાર અધ્યાયોનો અભ્યાસ કરવાથી આપણને માલૂમ પડયું હશે. પ્રભુ ઈસુના આવવાથી, વિશેષે કરીને તેના બલિદાનરૂપ મરણ તથા જયવંત પુનરુત્થાનથી આખા માનવજીવનનું રૂપાંતર થઈ ગએલું છે, એવો તેઓને અનુભવ થયો. અત્યાર સુધી અમે અંધારામાં બેઠેલા હતા, પણ હવે અમારા પર ન્યાયીપણાનો સૂર્ય ઊગેલો છે, એવી તેઓ સહુ કોઈની આગળ આનંદભેર સાક્ષી આપતા હતા. ગૂમ થએલાં ઘેટાં, પણ હવે ઈસુ અમારે સારૂ બારણારૂપ થયો છે. તેને દ્વારા અમે દેવના વાડામાં પેસીને પૂરી શાંતિ પામીને સહીસલામત રહીએ છીએ, એવી તેઓને જે ખાતરી થઈ હતી તેને લીધે તેઓને માથે સદૈવ આનંદ રહેતો હતો. પ્રભુ ઈસુના સેવકોમાં પાર વિનાનો, આનંદ નિહાળીને બીજા લોક તેમના પર પ્રસન્ન થયા વગર રહી શકયા નહિ. આવો જ આનંદ આપણી ટોળીઓમાં દેખાય છે કે? જરૂર, તે પવિત્ર આત્માનું ફળ છે (ગલ. ૫ ; ૨૨). તે પોતાથી ન થાય, તે દેવનું દાન છે. ભાઈઓ, પુરાતન મંડળીની પેઠે પ્રભુની વાટ જોતા રહીએ, એ માટે પવિત્ર આત્માનું દાન ઉપરથી પામીને આપણે તેઓના જેવા સામર્થ્યથી વેષ્ટિત થઈએ તથા તેઓના જેવો આનંદ પામીએ. આમેન.

(ગુજરાતની ધર્મપ્રચારક સમિતિ તરફથી)

મિશન મુદ્રણાલય, સુરત.